# *ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ભુજ પ્રાદેશિક કેન્દ્ર દ્વારા કચ્છ યુનિવર્સિટીના કોર્ટ હોલ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે "નારી તું નારાયણી" કાર્યક્રમનું આયોજન*

**ભુજ:** આજ રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના પાવન અવસરે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) ના ભુજ પ્રાદેશિક કેન્દ્ર દ્વારા મહિલા સશક્તિકરણને વેગ આપવા **"નારી તું નારાયણી"** વિષય પર ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના કોર્ટ હોલ ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નારી શક્તિને ઉજાગર કરતા આ પ્રેરણાદાયક કાર્યક્રમમાં અનેક મહિલાઓએ ઉત્સાહભેર પોતાની ઉપસ્થિતિ નોંધાવી હતી.
કાર્યક્રમનો મંગલ પ્રારંભ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદનાથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રાદેશિક કેન્દ્રના સ્ટાફ દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છ આપીને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભુજ પ્રાદેશિક કેન્દ્રના મદદનીશ કેન્દ્ર નિયામક શ્રી શિવરાજસિંહ જાડેજા, મદદનીશ કેન્દ્ર નિયામક શિવાનીબેન ઉમરાણીયા, પ્રાધ્યાપક ડૉ. ધ્રુવભાઈ પુરબીયા, વિદ્યાર્થી આગેવાન જય આહીર અને WDC (વુમન ડેવલપમેન્ટ સેલ) ના સદસ્ય કુંજલબેન બરાડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સંબોધતા મદદનીશ કેન્દ્ર નિયામક શ્રી શિવરાજસિંહ જાડેજાએ ભારતીય નારીના ગૌરવશાળી અને ઝળહળતા ઇતિહાસ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, વીરમાતા જીજાબાઈ અને અહલ્યાબાઈ હોળકર જેવી મહાન વીરાંગનાઓનાં ઉદાહરણો આપીને જણાવ્યું હતું કે, "ભારતીય નારી સદીઓથી શૌર્ય, ત્યાગ, સંસ્કાર અને નેતૃત્વનું જીવંત પ્રતીક રહી છે. આ ઐતિહાસિક ઉદાહરણો આજની યુવા પેઢી માટે અત્યંત પ્રેરણારૂપ છે."
આ પ્રસંગે WDC ના સદસ્ય કુંજલબેન બરાડીયાએ આધુનિક સમયમાં સ્ત્રીની બદલાતી ભૂમિકા વિશે સચોટ માર્ગદર્શન આપતા જણાવ્યું કે, "આજના આધુનિક યુગમાં નારીની જવાબદારી માત્ર ઘર પૂરતી સીમિત નથી. આજે સ્ત્રી પરિવારનું પાલનપોષણ કરવાની સાથે સાથે નોકરી, વેપાર અને વિજ્ઞાન ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહી છે. ઘર અને વ્યવસાય વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું એ જ આજની નારીની સાચી જવાબદારી છે."

વક્તવ્યો ઉપરાંત, આ સાથે "નારી સશક્તિકરણ" વિષય પર વિદ્યાર્થીઓ દ્વારા જ તૈયાર કરવામાં આવેલ એક સુંદર લઘુનાટિકા દ્રશ્ય માધ્યમ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહનો માહોલ છવાયેલો રહ્યો હતો. અંતમાં **શિવાનીબેન ઉમરાણીયા** દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવો, મહેમાનો અને વિદ્યાર્થીઓનો શાબ્દિક આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.સાથે આ કાર્યક્રમ પ્રાદેશિક કેંદ્ર ના નિયામક શ્રી ડૉ ધનરાજભાઈ ગઢવી ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રાદેશિક કેન્દ્રના કર્મચારી શ્રી અનિરુદ્ધસિંહ સોઢા અને યુનિવર્સિટિના વિદ્યાર્થીઓ એ જહેમત ઉઠાવી હતી.

| | |
|---|---|
| <br> |  |
| | |
|  |  |